# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*******************************************************************

1) સંયુક્ત આરબ અમીરાતના નાયબ પ્રધાનમંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મંત્રણા કરશે
2) માર્ગ અકસ્માતનો ભોગ બનેલાઓની કેશલેસ સારવાર યોજનાનો અમલ ટૂંક સમયમાં સમગ્ર દેશમાં લાગુ કરાશે.
3) પોર્ટુગલના વિદેશમંત્રી પાઉલો રાંગલ આજથી 4 દિવસના ભારતના પ્રવાસે આવ્યા.
4) વિરોધ પક્ષોનાં શોરબકોરને પગલે રાજ્યસભાની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત.
5) દહેરાદૂનમાં આજથી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ અને આયુર્વેદ એક્સ્પોનો પ્રારંભ થશે.
6) ભારતીય ચેસ ખેલાડી ડી. ગુકેશ આજે સિંગાપોરમાં ચીનના ડીંગ લિરેન સામે FIDE વિશ્વ ચેસ સ્પર્ધાની અંતિમ રમત રમશે.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# UAE FM- VISIT (UPDATE)

સંયુક્ત આરબ અમીરાતના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાન આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. શ્રી નાહયાન ચોથા વ્યૂહાત્મક સંવાદ અને 15મી ભારત-UAE સંયુક્ત આયોગની બેઠકમાં ભાગ લેવા ગઈ કાલે નવી દિલ્હી પહોંચ્યા હતા .

UAEના નેતાનું સ્વાગત કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, આ મુલાકાત ભારત અને UAE વચ્ચે બહુપક્ષીય વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરશે .તેઓ વિદેશ મંત્રી ડૉક્ટર એસ જયશંકર સાથે પણ મંત્રણા કરશે

# PM-JAL JEEVAN

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે ‘જલ જીવન મિશન’ની પ્રશંસા કરતાં કહ્યું કે, આ યોજનાએ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓના સશક્તિકરણમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદી જણાવ્યું હતું કે, ઘરના ચોખ્ખા પાણી સાથે, મહિલાઓ હવે કૌશલ્ય વિકાસ અને આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

# ROAD SAFETY

માર્ગ અકસ્માતનો ભોગ બનેલાઓની કેશલેસ સારવાર યોજનાનો અમલ ટૂંક સમયમાં સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ આજે લોકસભામાં પ્રશ્નકાળમાં જવાબ આપતા જણાવ્યું કે, હાલમાં છ રાજ્યોમાં અમલી યોજના ઉત્તરપ્રદેશ અને બાદમાં સમગ્ર દેશભરમાં અમલી બનાવવામાં આવશે.

આ યોજના હેઠળ માર્ગ અકસ્માતોનો ભોગ બનેલાઓને હોસ્પિટલમાં દોઢ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવે છે. ધોરી માર્ગો પર વધતા જતા અકસ્માતો અંગે ચિંતા વ્યક્ત કરતા શ્રી ગડકરીએ સાંસદોને આવા અકસ્માત પાછળનાં કારણો ચકાસવા દરેક જિલ્લામાં અકસ્માત નિવારણ સમિતીઓ રચવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું કે, માર્ગ અકસ્માતોમાં 30 ટકા મૃત્યુ પ્રારંભિક સારવારમાં વિલંબને કારણે થાય છે.

# PORTUGAL FM VISIT

પોર્ટુગલના વિદેશમંત્રી પૉલો રાંગલ 4 દિવસના ભારત પ્રવાસ નિમિત્તે આજે નવી દિલ્હી પહોંચ્યા છે. પેહલી વાર ભારત પ્રવાસ પર આવેલા શ્રી રાંગલનું વિદેશ મંત્રાલય દ્વારા સ્વાગત કરાયું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયાના સંદેશમાં જણાવ્યું કે, આ મુલાકાત બંને દેશના બહુપક્ષીય સંબંધોને મજબૂત કરશે. બંને દેશના સંબંધોને આગામી વર્ષ 2025માં 50 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, શ્રી રાંગલ આવતીકાલે વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરશે. ઉપરાંત તેઓ શનિવારે વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગોવા પણ જશે.

## RS-ADJOURNED

વિવિધ મુદ્દાઓ અંગે શાસક અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. આજે સવારે ગૃહની કાર્યવાહી શરૂ થતાં અધ્યક્ષ જગદીપ ધનખડે  વિરોધ પક્ષો દ્વારા આપવામાં આવેલી સ્થગિત નોટિસને ફગાવી દીધી હતી. જેથી વિરોધ પક્ષોએ ગૃહમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

ગૃહના નેતા જેપી નડ્ડાએ આ અંગે કહ્યું હતું કે, અધ્યક્ષના  નિર્ણય પર પ્રશ્ન કે ટીકા કરી શકાય નહીં. આ સાથે  તેમણે વિપક્ષના નેતા મલ્લિકાર્જુન

ખડગેએ પત્રકાર પરિષદ યોજીને અધ્યક્ષને પ્રશ્ન કરવાની ટીકા કરતાં કોંગ્રેસ પર અધ્યક્ષના બંધારણીય પદને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આ બધું કોંગ્રેસના નેતાઓ અને અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ વચ્ચેના કથિત સંબંધો પરથી ધ્યાન હટાવવા માટે કરવામાં આવી રહ્યું હોવાનો પણ આરોપ લગાવ્યો હતો અને વિપક્ષી સભ્યોની વર્તણૂકને વખોડી કાઢતો પ્રસ્તાવ મૂક્યો હતો.

દરમિયાન, વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ શાસક પક્ષ ગૃહનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. બંને પક્ષો વચ્ચેના ભારે હોબાળા બાદ ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરાઇ હતી. દરમિયાન લોકસભામાં પણ વિવિધ મુદ્દે ભારે શોરબકોર થતાં ગૃહની કાર્યવાહી 1 વાગ્યા સુધી મુલતવી કરાઇ હતી.

# OPPOSITION PROTEST

વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના સાંસદોએ આજે એક અગ્રણી ભારતીય વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપોને લઈને સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓ આ મામલે સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગ કરી રહ્યા હતા. કોંગ્રેસ, ડાબેરીઓ અને અન્ય પક્ષો વિરોધમાં જોડાયા હતા.

જ્યારે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે  કોંગ્રેસના નેતાઓને અમેરિકા સ્થિત જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન સાથેના કથિત સંબંધો અંગે સવાલ કર્યા હતા. સંસદ પરિસરમાં પત્રકારો  સાથે વાત કરતા શ્રી સિંહે કોંગ્રેસે જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન સાથે તેમના નેતાઓના કથિત સંબંધો અંગે સ્પષ્ટતા કરવી જોઈએ તેમ કહ્યું હતું.

# WORLD AYURVEDA CONGRESS

ઉત્તરાખંડના દહેરાદૂનનાં પરેડ ગ્રાઉન્ડ ખાતે આજથી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ અને આયુર્વેદ એક્સ્પોનો પ્રારંભ થશે .આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ આયુર્વેદ ક્ષેત્રમાં સંશોધન, વિકાસ માટે મહત્વનો મંચ પૂરો પાડશે .આ વર્ષની વિષય વસ્તુ છે "ડિજિટલ આરોગ્ય, આયુર્વેદ અભિગમ". સંમેલનમાં પરંપરાગત આયુર્વેદને આધુનિક ટેકનોલોજી પ્રગતિ સાથે સંકલિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

ચાર દિવસન આ સંમલેનમાં થી વધુ ભારતીય 500 હજાર 5 થી વધુ આંતરરાષ્ટ્રીય સહભાગીઓ ભાગ લેશે350 પ્રતિનિધીઓ અને, જેમાં આયુર્વેદ અને આરોગ્ય સંભાળ સંબંધિત નવીનતમ ટેકનોલોજી અને સંશોધનની તકો ચકાસવામાં આવશે.

સંમેલનની સાથે સાથે યોજાનારા પ્રદર્શનમાં થી વધુ સ્ટોલ 350 તૈયારકરવામાં આવ્યા છેઅહીં દેશ વિદેશની અગ્રણી આયુર્વેદ . .સંસ્થાઓની ચીજવસ્તુઓ અને સેવાઓ રજૂ કરવામાં આવશે

# CHESS-WORLD-CHAMPIONSHIP

ભારતીય ચેસ ખેલાડી ડી.ગુકેશ આજે સિંગાપોરમાં FIDE વિશ્વ ચેસ સ્પર્ધાની અંતિમ રમત ચીનના ડીંગ લિરેન સામે રમશે. આ રમત ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગ્યે શરૂ થશે. અંતિમ 14મા રાઉન્ડના વિજેતાને વિશ્વ ચેમ્પિયન જાહેર કરાશે. જો રમત ડ્રો થશે, તો આવતીકાલે ટાઇબ્રેકર રમત રમાશે. ગઈકાલે, ગુકેશ અને ડીંગ લિરેન વચ્ચેની 13મી રમત ડ્રોમાં પરિણમી હતી. ડ્રો બાદ બંને ખેલાડીઓને 6.5 પોઈન્ટ મળ્યા હતા.

# BADMINTON CHINA

ચીનના હેંગજોઉમાં આજે ભારતની જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ બેડમિન્ટનમાં મહિલા ડબલ્સનાં બીજા ગ્રૂપમાં મલેશિયાની પર્લી ટાન અને થિન્નાહ મુરલીથરન સામે રમશે. ગઈ કાલે તેઓ ગ્રૂપ-Aની પ્રથમ મેચમાં ચીનની પ્રથમ ક્રમાંકિત જોડી લિઉ શેંગ શુ અને તાન નિંગ સામે હારી ગયા હતા.

ટ્રીસા અને ગાયત્રી વર્લ્ડ ટુર ફાઇનલ્સ 2024માં ભારતનાં એક માત્ર પ્રતિનિધિ છે. તેમણે તાજેતરમાં સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધા જીતી હતી.

# HOCKEY- JR WOMEN'S ASIA CUP

હોકીમાં, ભારત આજે મસ્કતમાં મહિલા જુનિયર એશિયા કપની તેની ચોથી અને અંતિમ લીગ મેચમાં થાઈલેન્ડ સામે ટકરાશે. ગઈકાલે ભારત તેની ત્રીજી મેચમાં ચીન સામે 1-2થી હારી ગયું હતું. આ જીત સાથે, ચીન પુલ-Aમાં નવ પોઈન્ટ સાથે ટોચ પર છે, અને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે, જ્યારે ભારત અને મલેશિયા છ-છ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.

સેમિફાઇનલ શનિવારે અને ફાઇનલ રવિવારે યોજાશે. ભારતે જાપાનમાં રમાયેલી આ સ્પર્ધાની છેલ્લી આવૃત્તિમાં ફાઇનલમાં દક્ષિણ કોરિયાને 2-1થી હરાવીને ખિતાબ જીત્યો હતો.

# RAHUL GANDHI HATHRAS

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી 2020માં ઉત્તરપ્રદેશના હાથરસમાં દુષ્કર્મનો ભાગ બનેલી પિડીતાના પરિવારજનોને મળવા માટે હાથરસ જવા રવાના થયા છે. રાહુલ ગાંધીની

મુલાકાત પૂર્વે હાથરસના બુલગઢી ગામમાં સલામતી બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

ગઈ કાલે રાહુલ અને તેમનાં બહેન તથા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીને નવેમ્બર 2024માં ઉત્તરપ્રદેશના સંભલમાં થયેલી હિંસામાં જીવ ગુમાવનારાઓનાં પરિવારજનોને મળ્યા હતા.

# UN ISRAEL HAMAS VOTING

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ઇઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વિરામ પ્રસ્તાવની તરફેણમાં 158 દેશોએ મતદાન કર્યું છે. ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલ અને હમાસ વચ્ચે તાત્કાલિક, બિનશરતી અને કાયમી યુદ્ધવિરામની હાકલ કરતા મહાસભાએ તમામ બંધકોને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી છે. જોકે સામાન્ય સભાના ઠરાવો બંધનકર્તા નથી પરંતુ તે રાજકીય મહત્વ ધરાવે છે.

મહાસભાએ પેલેસ્ટાઈન શરણાર્થીઓ માટે રાહત અને બચાવ કાર્ય માટેની  એજન્સી -UNRWAને પણ સમર્થન આપ્યું હતું. ઉપરાંત ઇઝરાયેલ દ્વારા રજૂ કરાયેલા નવા કાયદા સામે  વિરોધ નોંધવતો ઠરાવ 159 મતોથી પસાર કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલના આ કાયદા દ્વારા જાન્યુઆરી મહિનાના અંતિમ અઠવાડિયાથી આ ક્ષેત્રમાં UNRWAના સંચાલન પર પ્રતિબંધ લગાવવામાં આવશે.